ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!


ફળિયામાં સીસી રોડ

# ભારતના નકશા પર એકમાત્ર નામ ધરાવતું ઓલપાડ તાલુકાનું ગામ સીમલથુ



ટાઉન ટોક


**દેશ સ્વતંત્ર થયા બાદ આજદિન સુધી સીમલથુ ગ્રામ પંચાયતની ચૂંટણી થઈ નથી**

ઓલપાડ તાલુકાનું ઐતિહાસિક ગામ એટલે સીમલથુ. આમ તો દરેક ગામની કોઈને કોઈ ખાસિયત હોય છે. એવી જ વિશેષ ઓળખ સીમલથુની પણ છે. ગામ નાનકડું પણ લોકો સંપીલા. આથી બીજા ગામથી આ ગામ થોડું અલગ તરી આવે છે. ભારતના નકશા પર એકમાત્ર નામ ધરાવતું ગામ હોય તો સીમલથુ છે. સીમલથુ ગામમાં હાલ કુલ ૬ જેટલા વોર્ડ આવેલા છે અને તમામ વોર્ડ આઝાદીના સમયથી બિનહરીફ થાય છે.

સીમલથુ ગામ ઓલપાડ તાલુકા મથકથી ૧૮ કિલોમીટરના અંતરે કીમ નજીક આવેલું નાનકડું ગામ છે. ગામની કુલ વસતી ૫૦૧ની છે અને ગામમાં પાટીદાર, હળપતિ, કોળી, ગજ્જર અને મૈસુરીયા સમાજના લોકો હળીમળીને રહે છે. ગામમાં સૌથી વધુ વસતી પાટીદાર સમાજની છે અને ગામમાં કુલ હળપતિ સમાજનાં ૬૭ જેટલાં ઘર આવેલાં છે. જ્યારે બીજા નંબર પર પાટીદાર સમાજનાં ૩૫ જેટલાં ઘર આવેલાં છે. ગજ્જર સમાજના ૯ ઘર અને મૈસુરીયા સમાજનાં ૩ ઘર આવેલાં છે. જ્યારે કોળી સમાજનું એકમાત્ર ઘર ગામમાં આવેલું છે. ગામની ૫૦૧ની વસતીમાં કુલ ૧૧૫ ઘર આવેલાં છે, જેમાં ૨૬૧ જેટલી મહિલા છે. જ્યારે પુરુષોની સંખ્યા ૨૪૦ જેટલી છે.

સીમલથુ ગામ ઈતિહાસ સાથડાયેલું છે. ગામના મોભી સ્વર્ગીય જગુભાઈ કેશવભાઈ પટેલ સ્વતંત્રતા સેનાની હતા અને આઝાદીની લડતમાં તેઓ જેલવાસ પણ ભોગવી ચૂક્યા હતા. સ્વર્ગીય જગુભાઈ પટેલ સુરત જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂક્યા હતા. દક્ષિણ ગુજરાત જેને કારણે સમૃદ્ધ ગણાય છે અને આખા દક્ષિણ ગુજરાતની ખેતી જેના પર નભે છે એવી કાકરાપાર અને ઉકાઈ નહેરના પ્રણેતા પણ જગુદાદા હતા. જગુદાદાની છાપ ગરીબોના મસીહા તરીકે હતી. નાનું ગામ હોવા છતાં ઓલપાડ તાલુકા માટે અતિ મહત્ત્વનું ગામ છે. આ ગામે અનેક સહકારી આગેવાનો પણ સુરત જિલ્લાને આપ્યા છે. ગામના સહકારી આગેવાન અને મોભી છીતુભાઈ નાથુભાઈ પટેલ ગોથાણ ગામ સહકારી મંડળીના હાલમાં પણ પ્રમુખ છે. જ્યારે યતીનભાઈ નગીનભાઈ પટેલ મંડળીમાં ડિરેક્ટર પદ શોભાવી રહ્યા છે. ગામના મોભી એવા સ્વર્ગીય દિનેશચંદ્ર ગોવિંદજી ગજ્જર ડીજીવીસીએલના ચીફ એન્જિનિયર હતા અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે અગત્યની મિટિંગ્સમાં હાજર રહી ચૂક્યા છે.

## ગ્રામ પંચાયતની ટીમ



સરપંચ - છનાભાઈ રવજીભાઈ રાઠોડ
ઉપસરપંચ - અમિતભાઈ શૈલેશભાઈ પટેલ
સભ્યો - હિતેશભાઈ ઈશ્વરભાઈ ગજ્જર
ભૂમિકા જીમેશભાઈ પટેલ
નીતિક્ષા અનિલભાઈ રાઠોડ
પારૂલ મેહુલભાઈ રાઠોડ
સુમનબેન ગોમાનભાઈ રાઠોડ
ડીનલબેન દીપકભાઈ રાઠોડ
તલાટી - ગોપેશભાઈ સી. નાકરાણી

## જાતિ પ્રમાણે કુલ વસતી

કોળી પટેલ સમાજ-૨
મૈસુરીયા સમાજ-૧૩
પાટીદાર સમાજ-૨૨૫
હળપતિ સમાજ-૨૧૩
ગજ્જર સમાજ-૫૦



## મુખ્ય ખેતી શેરડી અને ડાંગર

ગામના મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા લોકો છે. ગામમાં ઉકાઈ અને કાકરાપાર નહેરોની સુવિધા પણ છે. જેના થકી ગામના ખેડૂતો ખેતી કરી રહ્યા છે. તદુપરાંત ગામમાં હાલ ત્રણ જેટલાં જીવંત તળાવો પણ આવેલાં છે. જેનું પાણી પણ સિંચાઈ અને પશુપાલન માટે વાપરવામાં આવે છે અને આ તળાવો આશીર્વાદ સમાન છે. પીવાના પાણીની સુવિધા માટે ગામમાં ત્રણ જેટલા બોર સરકારની યોજનાઓમાંથી કરવામાં આવ્યા છે. જ્યાંથી પાઇલાઇન થકી ઘરે ઘરે પાણી પહોંચાડવામાં આવે છે અને ગામમાં ત્રણ જેટલા હેડપંપ પણ બનાવવામાં આવ્યા છે. ગામના લોકો મુખ્યત્વે શેરડી અને ડાંગરની ખેતી કરી રહ્યા છે. સાથે સાથે કેટલાક ખેડૂતો શાકભાજી અને બાગાયતી પાકની ખેતી પણ કરે છે.





ગ્રામ પંચાયત

## સર્વશ્રેષ્ઠ કામગીરી બાબતે ગ્રામ પંચાયતને પ્રશંસાપત્ર

સીમલથુ ગ્રામ પંચાયતમાં વિકાસનાં કાર્યો, સ્વચ્છતા, વેરા વસૂલાત સહિતની અનેક વિકાસલક્ષી લોકહિત કામગીરી બાબતે રાજ્ય વન પર્યાવરણ મંત્રી ગુજરાત સરકારના હસ્તે ટીબીમુક્ત ગ્રામ પંચાયત જિલ્લા ક્ષય કેન્દ્ર-સુરત-૨૦૨૪નો ટીબી મુક્ત પંચાયતનો એવોર્ડ અર્પણ કરાયો હતો.


રસ્તો